*Research Guru* *Volume-7 (September, 2015)* *(ISSN: 2349-266X)*

# "નૂતન ગુજરાતમાં થયેલી પુરાતત્વીય શોધખોળો" (૧૯૬૦ પછી)

પ્રસ્તુતકર્તા :- પ્રા. ડી.એમ.પટેલ
વ્યાખ્યાતા ઈતિહાસ
જી.ડી.મોદી કોલેજ ઓફ આર્ટ્સ
પાલનપુર

The archaeology tells us the story of man and the gradual progress he made and how the present positions in achieved.

ગુજરાત પુરાવસ્તુ સાધન સામ્રગી ભારતના અન્ય રાજ્યો કરતા ઘણું સમૃધ્ધ છે. ઈતિહાસ અતીત સાથે સબંધ ધરાવે છે. પુરાતત્વ ઈતિહાસનો મહત્વનો સ્રોત છે. ઈતિહાસના અન્વેષણમાં આપણે જેમ અતીત તરફ વધુને વધુ પાછળ જઈએ તેમ પુરાતત્વનું મહત્વ ઉતરોતર વધતું જાય છે. પુરાતત્વવિદ્યા એ ઈતિહાસ નો પ્રાણ છે. તેના દ્વારા જ અધારભુત ઈતિહાસ જાણી શકાય છે.

પુરાતત્વમાં પુરા [illegible] એટલે જુનું પુરાણું તત્વ તેમાં રહેલી ફિલસૂફીનો અભ્યાસ કે શોધનો સમાવેશ. ઉત્ખનન (ખોદકામ)નો હેતુ પ્રાચીન સંસ્કૃતિના અત્યાર સુધીના અજ્ઞાત પ્રશ્નોનો ઉકેલ મેળવવાનો હોવો જોઈએ, જે સ્થળે ખોદકામ કરવાનું હોય તેનો ઈતિહાસ મેળવવાનો, નહિ કે સુંદર વસ્તુ પ્રાપ્ત કરવાનો ગુજરાતમાં પુરાતત્વ ઈ.સ.૧૮૬૧માં શરૂઆત જેમ્સ બર્જેસ અને હેનરી કઝીન્સ "આર્કિયોલોજી ઓફ ગુજરાત" પુરાતત્વ જાણવા માટે ગુજરાતનું બાઈબલ છે. ૧ મે ૧૯૬૦ માં ગુજરાત રાજ્ય મુંબઈ રાજ્યમાંથી અલગ થયું. ગુજરાતમાં પ્રાગ ઈતિહાસના સંસોધનનો પાયો નાખનાર રોબર્ટ બ્રુસ્ફુટ હતા. ગુજરાતમાં પ્રાગ ઈતિહાસના સંસોધન પ્રવુતિમાં ડેક્કન કોલેજ પુણેના સ્વ.પ્રો ડૉ. હસમુખ સાંકળિયા ના માર્ગદર્શન અને પ્રેરણામાંથી મ. સ યુનિવર્સીટીમાં ડૉ.;સુબ્બારાવે સંસોધન પ્રવુતિની શરૂઆત કરી તેમને સંસોધન ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કર્યુ. પાછળ થી સ્વ.ડૉ.આર.એન.મહેતા ની આગેવાની નીચે પ્રો.મલિક, ડૉ.ચૌધરી એ વિવિધ વિસ્તારોમાં આ પ્રવુતિ ચાલુ રાખી સંશોધન પ્રવાસો ઉત્ખનનો વગેરે કરી ગુજરાતમાં પ્રાગ તથા આદ્ય ઈતિહાસ પર સારો પ્રકાશ પાડયો.

ડેક્કન કોલેજે પુનાના પ્રાધ્યાપકો ડૉ. અનસારી, ડૉ. રાજ્ગુપ્ત, ડૉ.ખપ્પુ વગેરે એ સૌરાષ્ટ્ર તથા કચ્છમાં સંશોધન ક્ષેત્ર વધાર્યુ. આ પ્રવુતિ સૌરાષ્ટ્ર-કચ્છમાં વિશેષ વિકાસ પામી.એમ.એસ.યુનિવર્સીટી વડોદરા અને રાજ્યના પુરાતત્વ ખાતાના સહયોગથી શામળાજી-૧૯૬૧, નાગલ-૧૮૬૧-૬૨, નગરા ૧૯૬૨-૬૫, ચાંપાનેર, પાવાગઢ ૧૯૬૯-૭૦, વલભીપુર ૧૯૮૦, સોમનાથ ૧૯૭૧-૭૨, અને ૧૯૭૫-૭૭, કારવણ ૧૯૭૪-૭૮, દ્વારકા ૧૯૭૦, ગોરજ ૧૯૮૨ -૮૭, ઉમતા ૧૯૮૭-૮૯, ખેતેશ્વર ૧૯૮૮-૮૯, પાદરી ૧૯૯૧-૯૫, ધોળાવીરા કચ્છ ૧૯૮૯, લોટેશ્વર ૧૯૯૧, સુરકોટડા ૧૯૭૦-૭૨, શિકારપુર ૧૯૮૭, ૮૮, ૮૯, અને ૯૦, નાગવાડા ૧૯૮૬-૯૦, સંથલી ૧૯૯૩, ઝેખડા, તરસંગ જિ.પંચમહાલ ૧૯૭૧ થી ૭૮.